# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ નવપદની શાશ્વતી ઓળી ○

○ લેખક ○

**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# નવપદની શાશ્વતી ઓળી

જૈન સંઘમાં શાશ્વતી ઓળીની ખૂબ મહત્તા છે. ગામે ગામ તે દિવસોમાં ઘણા તપસ્વીઓ ઓળી કરવા પધારે છે. સવારે પૂજ્ય ગુરુમહારાજનું નવપદ ઉપર આગવી શૈલીથી પ્રવચન થાય અને બપોરે શ્રીપાળ-મયણાનો રાસ વંચાય. કોઇ પુણ્યશાળી તીર્થમાં પણ આરાધકોને આરાધના કરવા બોલાવે છે. શાશ્વતી ઓળી દરમ્યાન કોઇક સ્થાનોમાં પૂ. સાધુ-સાધ્વીજી ભગવંત ન હોય તો પંડિતવર્યોને પણ બોલાવી નવપદનો મહિમા સંઘના ભાઇ-બહેનો સમજે છે. શ્રીપાળરાજાનો કોઢ ગયો તેમ અનેકોના જીવનના પ્રશ્નો Solve કરવા અને શાશ્વત સ્થાને પહોંચાડવા શાશ્વતી ઓળીનો પ્રભાવ ખૂબ છે. સાડા ચાર વર્ષમાં ૯ શાશ્વતી ઓળીના ૮૧ આયંબિલ પૂર્ણ કરવાના હોય છે. વિધિ સહિત આ તપનો મહિમા અપરંપાર છે. આવો, આપણે આ દિવસોમાં શું શું કરી શકાય તેની Short માં વિચારણા કરીએ.

❖ નવ દિવસમાં સંઘના નાના-મોટા ભાઇ-બહેનો માટે આરાધના કાર્ડ.

❖ નવપદ ઉપર પ્રશ્નપેપરો.

❖ વિધિસહિત નવ દિવસ એક ધાનથી આયંબિલ કરનારનું વિશિષ્ટ બહુમાન.

❖ સામૂહિક ક્રિયા-કાઉસ્સગ્ગ-ખમાસમણ નવપદના પટ પાસે કરાવી શકાય.

❖ નવપદ ઘરેથી સુશોભિત કરીને લાવનારને વિશિષ્ટ ઇનામ.

❖ ઓળી પૂર્ણ થયા બાદ તપસ્વીઓનું બહુમાન. તથા આયંબિલ તપ – વિશિષ્ટ હોવાથી ઓળી બાદ આયંબિલ કરનારને રૂ.

૧૦ કે વધુની ટીપ કરાવવી.

❖ રોજના વ્યાખ્યાનમાં વર્ણ પ્રમાણે પ્રભાવના ગોઠવી શકાય.

❖ થાળી ધોઇને પીવે અને લૂંછે તેને વિશિષ્ટ બહુમાન આપવું.

❖ જે વ્યક્તિએ લાભ લીધો હોય તેઓનું બહુમાન પણ પારણાના દિવસે કરી શકાય.

નવપદના નવ દિવસમાં નીચે પ્રમાણેના આરાધકોના બહુમાન ગોઠવી શકાય.

| | | |
|---|---|---|
| **અરિહંતપદ** | : | અષ્ટપ્રકારી પૂજા રોજ કરે તેનું બહુમાન. |
| **સિદ્ધપદ** | : | છટ્ઠ કરીને ૭ જાત્રા કરી હોય તેનું બહુમાન. |
| **આચાર્યપદ** | : | ૩ નિયમ ૧ વર્ષ માટે લે તેનું બહુમાન. નિત્યપૂજા-રાત્રિભોજન ત્યાગ-કંદમૂળ ત્યાગ. |
| **ઉપાધ્યાય પદ** | : | શ્રીસંઘનાધાર્મિકશિક્ષક–શિક્ષિકાઓનું બહુમાન. |
| **સાધુપદ** | : | દીક્ષાર્થીના માતા-પિતાદિનું બહુમાન. |
| **દર્શનપદ** | : | પૂજારીનું બહુમાન (સ્ટાફ). |
| **જ્ઞાનપદ** | : | પાઠશાળામાં બે-પાંચ પ્રતિ. ભણી ગયા હોય તેનું બહુમાન. |
| **ચારિત્રપદ** | : | ૧૨ વ્રત લીધા હોય તેવા આરાધકોનું બહુમાન. |
| **તપપદ** | : | પાયો – નવપદની – વર્ધમાનતપની ઓળી – વર્ષીતપ વગેરે તપસ્વીઓનું બહુમાન. |

રોજ દેરાસરમાં આંગી – શક્ય હોય તો ભાવના.